ગામ :- કોસાડ **બ્લોક નં** :- ૧૨૯
ટી.પી. :- ૨૭ **એફ.પી.** :- ૧૪૬
નામ :- સ્કાય ડેવલોપર્સ
ફલેટ નં. :-
બિલ્ડઅપ એરીયા :-

-:: વેચાણ દસ્તાવેજ ::-

વેચાણ અવેજ રૂા. ------------------/- પુરાનો.

ગામ :- કોસાડ **બ્લોક નં** :- ૧૨૯
ટી.પી. :- ૨૭ **એફ.પી.** :- ૧૪૬
નામ :- સ્કાય ડેવલોપર્સ
ફલેટ નં. :-
બિલ્ડઅપ એરીયા :-

(((૧)))

જત આજરોજ વિક્રમ સંવત .... ના .... ને વાર ...વાર ને તારીખ :- ... મી માહે ...., સને ૨૦.. ના અંગ્રેજી દિને...

આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર યાને ખરીદનાર તે તમો પહેલાપક્ષનાં :-

શ્રી/શ્રીમતી ....

ઉ.આ.વ. :- ..., જાતના :- ...., ધંધો :- ....,

રહેવાસી :- ....

મો.નં.:-

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **"ખરીદનાર"** અગર **તમો** અગર **તમો "પહેલાપક્ષના"** તરીકે સંબોધવામાં આવેલ છે. જેઓનાં સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ના હોય ત્યાં વેચાણ રાખનાર પોતે તથા તેઓના વંશવાલી, વારસો, ટ્રાન્સફરીઓ, એસાઇની, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, સકસેસર્સ તથા વખતોવખતનાં હોદ્દેદારો ઇત્યાદી તમામનો સમાવેશ થાય છેં.)

જોગ લી...

આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર યાને વેચનાર તે અમો બીજાપક્ષનાં :-

સ્કાય ડેવલોપર્સ એક ભાગીદારી પેઢી વતી તેના ના ભાગીદારો

ઠેકાણું : સ્કાય વોક, મૌનિ સ્કુલની સામે, બ્લોક નં.૧૨૯, કોસાડ, તા.અડાજણ, જી.સુરત

ષસણ ણ૪ :- સ્ડડધશ ૧૯૪૩ સ

(૧). જયંતિભાઇ મુળજીભાઇ ત્રાડા

ઉ.આ.વ. :- ૪૮, જાતના :- હિન્દુ, ધંધો :- વેપાર,

રહેવાસી :- ૯-૧૦, આસ્થા રેસીડેન્સી, ઉત્રાણ, સુરત.

(૨). મુકેશકુમાર બાબુલાલ ચોવટીયા

ઉ.આ.વ. :- ૪૨, જાતના :- હિન્દુ, ધંધો :- વેપાર,

રહેવાસી :- એ-૧૦૦૧, એફીલ ટાવર, લંબે હનુમાન રોડ, સુરત.

(૩). કાનજીભાઇ રાઘવભાઇ ભાલાળા

ઉ.આ.વ. :- ૫૫, જાતના :- હિન્દુ, ધંધો :- વેપાર,

રહેવાસી :- ૪૨, ગોકુલધામ સોસાયટી, અબ્રામા રોડ, મોટાવરાછા, સુરત.

(((૨)))

ગામ :- કોસાડ **બ્લોક નં** :- ૧૨૯
ટી.પી. :- ૨૭ **એફ.પી.** :- ૧૪૬
નામ :- સ્કાય ડેવલોપર્સ
ફલેટ નં. :-
બિલ્ડઅપ એરીયા :-

(૪). રમેશભાઇ નાનુભાઇ શીગાળા

ઉ.આ.વ. :- ૩૦, જાતના :- હિન્દુ, ધંધો :- વેપાર,

રહેવાસી :- ફલોર-૧, ૬૩-શિવ શંકર પાર્વતી સોસાયટી, મીનીબજાર, વરાછા રોડ, સુરત

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજનાં લેખમાં **"વેચાણ આપનાર"** અગર **"અમો"** અગર **"અમો બીજાપક્ષના"** તરીકે સંબોધવામાં આવેલ છે. જેઓનાં સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ના હોય ત્યાં વેચાણ આપનાર પોતે તથા તેમનાં વંશવાલી, વારસો, ટ્રાન્સફરીઓ, એસાઇનીઓ, એકિઝકયુટર્સ, એડમિનિસ્ટ્રેટર્સ, સકસેસર્સ તથા વખતોવખતનાં હોદ્દેદારો ઇત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છે.)

જત્ આજરોજ અમો વેચાણ આપનાર, બીજા પક્ષનાઓ તમો વેચાણ રાખનાર, પહેલા પક્ષનાને આ વેચાણ દસ્તાવેજ લખી આપી જણાવીએ છીએ કે....

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તથા તાલુકો અડાજણ(સુરતસીટી) ના મોજે ગામ-કોસાડના, ખાતા નં. ૧૭૧૮, બ્લોક નં. ૧૨૯, સર્વે નં. ૮૬/૩+૪ થી નોંધાયેલી રહેણાંક ના હેતુ માટે બીનખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ ૭/૧૨, મુજબ હે. ૦-૯૩-૦૮ આરે.ચો.મી. જેનો આકાર રૂ. ૧૫૧૩.૦૦ પૈસા છે. જેનો ટી.પી. સ્કીમ નંબર ૨૭ (ઉત્રાણ-કોસાડ) ફાઇનલ પ્લોટ નં.૧૪૬, જેનું ફાઇનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૬૦૫૦ ચો.મી. વાળી બીનખેતીની જમીનમાં આયોજન કરવામાં આવેલ **"સ્કાય વોક"** ના ... બિલ્ડીગના ... માળ પર આવેલ ફલેટો પૈકી **ફલેટ નં. ...** વાળી મિલકત કે જેનો સુપર બિલ્ડ અપ એરીયા .... **સ્કે. ફુટ યાને .... ચો.મી.** તથા તેનો બિલ્ડ અપ એરીયા ...... **સ્કે.ફુટ યાને ...... ચો.મી.** થાય છે સદર મિલકતને લાગતા વળગતા અંદર તથા બહારના તમામ હક્કો સાથે દરોબસ્ત અઘાટ વેચાણ દસ્તાવેજ આથી લખી આપી જણાવીએ છીએ કે ::-

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકતનાં ટાઇટલ સંબંધી વિગત એવી છે કે :-

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકો અડાજણ (સુરતસીટી), ના મોજે ગામ-કોસાડ ના, બ્લોક નં. ૧૨૯, સર્વે નં. ૮૬ પૈકી થી નોંધાયેલી જમીણ જીવણ દેવજી અને મંછા દેવજી ચાલી આવેલા.

ગામ :- કોસાડ **બ્લોક નં** :- ૧૨૯
ટી.પી. :- ૨૭ **એફ.પી.** :- ૧૪૬
નામ :- સ્કાય ડેવલોપર્સ
ફલેટ નં. :-
બિલ્ડઅપ એરીયા :-

ત્યારબાદ સદરહું જમીન ટુકડા ધારા હેઠળ ટુકડા અંગેની નોંધ પાડવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ ના નમુના નં.૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં.૧૪૪૮ તા. ૫/૧૦/ ના રોજ થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીન પૈકી મંછા દેવજી ના હીસ્સા ની સદરહુ જમીન ભગુ દેવજી એ વેચાણ દસ્તાવેજ થી વેચાણ રાખેલ. જે અંગેની નોંધ ગામ ના નમુના નં.૬ ના હકક પત્રક માં એન્ટ્રી નં.૨૪૨૪ તા.૨૩/૧૨/૬૮ ના રોજ થયેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન માં વારસાઇ રૂએ પરભુભાઇ ભગુભાઇ નું નામ દાખલ થયેલુ. જે અંગેની નોંધ ગામ ના નમુના નં.૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં.૨૫૦૬ થી ૭/૧૨ ના પાનીયા માં જણાય છે.

ત્યારબાદ સદરહુ જમીન માં વારસાઇ રૂએ જયંતિભાઇ પરભુભાઇ નું નામ દાખલ થયેલુ. જે અંગેની નોંધ ગામ ના નમુના નં.૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં.૨૭૫૨ થી ૭/૧૨ ના પાનીયા માં જણાય છે.

ત્યારબાદ એકત્રીકરણ યોજના અમલમાં આવતા, મજકુર મોજ કોસાડ ના રેવન્યું સર્વે નં. ૮૬/3+૪ થી નોંધવામાં આવેલ જમીનને બ્લોક નં.૧૨૯ ફાળવવામાં આવેલ હતો. જેની નોંધ રેવન્યું દફતરે એન્ટ્રી નં. ૪૫૭૩ થી તારીખ ૧૦/૧૦/૧૯૮૩ ના રોજ કરવામાં આવેલી હતી. જે એન્ટ્રી પ્રમાણિત કરવામાં આવેલ હતી.

ત્યારબાદ સદરહુ જમીન માલીક શ્રી જયંતીભાઇ પરભુભાઇ, રમેશભાઇ પરભુભાઇ અને બળદેવભાઇ પરભુભાઇ ના નામે ચાલી આવેલ છે. તેઓએ તા. ૮/૨/૧૯૮૮ ના રોજ કરેલ વહેંચણી કરાર ના આધારે સદરહું જમીન રમેશભાઇ પરભુભાઇ અને બળદેવભાઇ પરભુભાઇ ના હિસ્સે આવેલ હોવાથી જયંતિભાઇ પરભુભાઇ નું નામ કમી કરી રમેશભાઇ પરભુભાઇ અને બળદેવભાઇ પરભુભાઇ નું નામ દાખલ કરવા નોંધ કરી. જે અંગેની નોંધ ગામ ના નમુના નં.૬ ના હકક પત્રક માં એન્ટ્રી નં. ૫૦૩૪ તા. ૧૭/૦૧/૧૯૯૦ ના રોજથી થયેલ છે જે નોંધ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન રમેશભાઇ પરભુભાઇ એ બળદેવભાઇ પરભુભાઇ ના સંયુકત નામ ચાલે છે. તેઓએ તા. ૨૮/૩/૨૦૦૧ ના રોજ કરેલ સામાચિકપણાનાં કરાર આધારે બળદેવભાઇ પરભુભાઇ ના સીધીલીટીના વારસદારો (૧) રંજનબેન બળદેવભાઇ

પટેલ ની પત્ની (૨) દિપેશકુમાર બળદેવભાઇ પટેલ (પુત્ર) ના નામો સામાયીકપણામાં દાખલ કરવા અરજી, જવાબ, પંચકયાસ, પેઢીનામું, સામાચિકપણા ના કરાર ના આધારે નામ દાખલ કરવા અરજી કરી. જો અંગેની
નોંધ ગામ ના નમુના નં.૬ ના હકક પત્રક માં એન્ટ્રી નં. ૮૯૨૮ તા.૦૪/૦૪/૨૦૦૧ ના રોજથી થયેલ છે જે નોંધ તા. ૦૭/૦૫/૨૦૦૧ ના રોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન રમેશભાઇ પરભુભાઇ, બળદેવભાઇ પઇભુભાઇ, રંજનબેન બળદેવભાઇ પટેલ, દિપેશકુમાર બળદેવભાઇ પટેલ ના સંયુકત નામે ચાલે છે. સદરહુ જમીન માં રમેશભાઇ પ્રરભુભાઇ પટેલના સીધીલીટીના વારસદારો (૧) પદમાબેન રમેશભાઇ પટેલ(પત્ની) (૨) જીગ્નેશકુમાર રમેશભાઇ પટેલ(પુત્ર) (૩) સંદિપકુમાર રમેશભાઇ પટેલ(પુત્ર) ના નામો સામાચિકપણામાં દાખલ કરવા નોંધ કરી. જો અંગેની નોંધ ગામના નમુના નં.૬ ના હકક પત્રક માં એન્ટ્રી નં.૯૨૯૨ તા.૦૮/૦૭/૨૦૦૩ ના રોજથી થયેલ છે જે અંગેની નોંધ તા. ૩૦/૦૯/૨૦૦૩ ના રોજ પ્રમાણિત થયેલ છે.

મજકુર કોસાડ ગામનો પ્રાદેશીક ફેરફાર મુજબ ગામ નિકાલની નોંધ મહે. કલેકટર સાહેબ સુરતના પત્ર નં.(જે) બખ/તપસ/વશી/૪૮૯૭/૦૬ તા. ૧૯/૧૦/૦૬ મા જણાવ્યા મુજબ સરકારી શ્રી ના શહેરી વિકાસ અને શહેરી ગુહ નિર્માણ વિભાગના જાહેરનામા નં. કેવી/૨૬/૦૬/એસએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી તા.૧૪/૦૨/૦૬ તથા જાહેરનામા નં. કેવી/૨૧૨/૦૬/એમએસએન/૯૦૨૦૦૬/૪૧૦/પી તા. ૨૦/૦૭/૦૬ થી આઠ નગર પાલીકા તથા ૨૭ ગામો નો સમાવેશ પાલીકાની હદનું વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાના કોસાડ ગામના કુલ બ્લોક નં.૧૫૯૦ છે. જેમા શરૂ થતો પ્રાદેશીક ફેરફાર કરવાની સુચના મળતા કોસાડ ગામના બ્લોક નં.૧૫૯૦ છે. જેમાં શરૂ થતો પ્રાદેશિક ફેરફાર કરવાની સુચના મળતા કોસાડ ગામના બ્લોક નં. ૧ થી ૧૧૨૧ છે. ખાતા નં. ૧ થી ૯૭૪ છે. કુલ ખાતા ૯૧૯ અત્રેની ઓનલાઇન કોમ્પ્યુટરરાઇઝડ નોંધ નં.૯૬૦૮ થી ૯૯૪૫ એમ કુલ ૩૩૮ નોંધો પૈકી ૨૨૭ નોંધ સમક્ષ અધિકારીશ્રી દ્વારા નિકાલ કરવામાં આવેલ છે. તથા ૧૧૧ નોંધો તેના સ્ટેટસ (કાચી, પડતર, તકરારી-૩) પ્રમાણે જે તે સ્ટેજ પર નિકાલ કરવામાં આવેલ છે. જેની નોંધ દફતરે એન્ટ્રી નં. ૯૯૪૫ થી તા. ૨૨/૧૨/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ હતી. જે એન્ટ્રી ત્યારબાદ તા.૨૨/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતી.

ગામ :- કોસાડ **બ્લોક નં** :- ૧૨૯
ટી.પી. :- ૨૭ **એફ.પી.** :- ૧૪૬
નામ :- સ્કાય ડેવલોપર્સ
ફલેટ નં. :-
બિલ્ડઅપ એરીયા :-

મજકુર કોસાડ ગામનો પ્રાદેશીક ફેરફાર મુજબ ગામ નિકાલની નોંધ મહે. કલેકટર સાહેબ સુરતના પત્ર નં(જે) બખ/તપસ/વશી/૪૮૯૭/૦૬ તા. ૧૯/૧૦/૨૦૦૬ મા જણાવ્યા મુજબ સરકારશ્રી ના શહેરી વિકાસ અને શહેરી ગુહ નિર્માણ વિભાગના જાહેરનામા નં. કેવી/૨૬/૦૬/એસએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી તા.૧૪/૦૨/૦૬ થી આઠ નગર પાલીકા સમાવેશ
સુરત શહેરમાં કરવામાં આવેલ છે. આમ સુરત મહાનગર પાલીકાની હદનું વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાના કોસાડ ગામ ની સુરત સીટી તાલુકામાં સમાવેશ કરવા પ્રાદેશીક ફેરફાર ની નોંધ પાડવામાં આવેલ. જેની નોંધ દફતરે એન્ટ્રી નં.૯૯૪૬ થી તા. ૨૨/૧૨/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ હતી. જે એન્ટ્રી ત્યારબાદ તા. ૨૨/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતી.

ત્યારબાદ સદરહુ જમીન રમેશભાઇ પરભુભાઇ, બળદેવભાઇ પરભુભાઇ, રંજનબેન બળદેવભાઇ, દિપેશભાઇ બળદેવભાઇ, પદમાબેન રમેશભાઇ, જીગ્નેશકુમાર રમેશભાઇ, સંદિપકુમાર રમેશભાઇ, ના સંયુકત નામે ચાલે છે. તે પૈકી બળદેવભાઇ પરભુભાઇ પટેલ એ તા. ૦૧/૦૪/૨૦૧૫ ના રોજ નોટરી રૂબરુ કરેલ સામાચિકપણાના કરાર આધારે સદરહુ જમીન માં બળદેવભાઇ પરભુભાઇના સીધીલીટીના વારસદારો પૈકી (૧) ક્રિષ્ણાબેન તે બળદેવભાઇ પરભુભાઇના દિકરી, (૨) મયુરીબેન તે બળદેવભાઇ પરભુભાઇ પટેલની દિકરી ના નામ તથા દિપેશભાઇ બળદેવભાઇ પટેલએ તા. ૦૧/૦૪/૨૦૧૫ ના રોજ નોટરી રૂબરુ કરેલ સામાચિકપણાના કરાર આધારે સદરહું જમીનમાં દિપેશભાઇ બળદેવભાઇના સીધી લીટીના વારસદારો પૈકી (૧) નેહાબેન તે દિપેશભાઇ બળદેવભાઇ પટેલની ધણીચાણી ના નામ સામાચિકપણામાં દાખલ કરવા અરજી, તા.૦૧/૦૪/૨૦૧૫ ના રોજ નોટરીશ્રી ભારા આર. ચૌહાણ રૂબરુ કરેલ કરાર, ૭/૧૨, ૮-અ, સીટી તલાટીશ્રી અમરોલી, જી.સુરત નું તા. ૨૬/૦૨/૨૦૧૫ ના રોજ ના પેઢીનામા-પંચકયાસ આધારે તેમના નામ દાખલ કરવા નોંધ કરી. જે અંગેની નોંધ ગામ ના નમુના નં.૬ ના હકક પત્રકમાં એન્ટ્રી નં. ૧૧૭૪૪ તા. ૦૮/૦૪/૨૦૧૫ ના રોજથી થયેલ છે જે નોંધ તા. ૩૦/૦૫/૨૦૧૫ ના રોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહું બ્લોક નં. ૧૨૯ ક્ષેત્રફળ : ૦-૯૩-૦૮ ચો.મી. રમેશભાઇ પરભુભાઇ, બળદેવભાઇ પરભુભાઇ, રંજનબેન બળદેવભાઇ, દિપેશભાઇ બળદેવભાઇ,

ગામ :- કોસાડ **બ્લોક નં** :- ૧૨૯
ટી.પી. :- ૨૭   **એફ.પી.** :- ૧૪૬
નામ :- સ્કાય ડેવલોપર્સ
ફલેટ નં. :-
બિલ્ડઅપ એરીયા :-

પદમાબેન રમેશભાઇ, જીગ્નેશકુમાર રમેશભાઇ, સંદિપકુમાર બળદેવભાઇ, ક્રિષ્નાબેન તે બળદેવભાઇ પટેલની દિકરી, નેહાબેન તે દિપેશભાઇ બળદેવભાઇ પટેલ ની ધણીયાણી ના નામે ચાલે છે. બ્લોક નં. ૧૨૭, ક્ષેત્રફળ : ૦-૮૬-૦૧ ચો.મી. વાળી જમીન જયંતિભાઇ પરભુભાઇ, અનિલભાઇ જયંતિભાઇ, રોહિતભાઇ જયંતિભાઇ, રંજનબેન બળદેવભાઇ, દિપેશકુમાર બળદેવભાઇ, બળદેવભાઇ પરભુભાઇ, ઇન્દુબેન તે જયંતિભાઇ પરભુભાઇ ની પત્ની, અમીષાબેન અનિલભાઇ પટેલ, જાગૃતિબેન રોહિતભાઇ પટેલ ના નામે ચાલે છે. સદરહું જમીનો અંગે તા. ૨૯/૦૪/૨૦૧૬ ના રોજ કરેલ રજીસ્ટર્ડ મિલકત વિનિમય લેખ નં. ૪૫૮ થી અદલા બદલા નો દસ્તાવેજ કરેલ છે. પક્ષકાર નં. ૧ યાને જયંતિભાઇ પરભુભાઇ,

અનિલભાઇ જયંતિભાઇ, રોહીતભાઇ જયંતિભાઇ, રંજનબેન બળદેવભાઇ, દિપેશકુમાર બળદેવભાઇ, બળદેવભાઇ પરભુભાઇ, ઇન્દુબેન તે જયંતિભાઇ પરભુભાઇ ની પત્ની, અમીષાબેન અનિલભાઇ પટેલ, જાગૃતિબેન રોહિતભાઇ પટેલ ને મળતી મિલકત બ્લોક નં. ૧૨૯ ક્ષેત્રફળ : ૦-૯૩-૦૮ ચો.મી. જેનો ટી.પી. નં.૨૭, ફાઇનલ પ્લોટ નં. ૧૪૬ પૈકી વણ વહેંચાયેલ હિસ્સા ની કુલ ક્ષે.૪૬૫૪ ચો.મી. પૈકી અડધા હિસ્સાની ક્ષે. ૨૩૨૭ ચો.મી. જમીન તથા પક્ષકાર નં. ૨ યાને રમેશભાઇ પઇભુભાઇ પટેલ, પદમાબેન રમેશભાઇ પટેલ ને મળતી મિલકત બ્લોક નં. ૧૨૭ ક્ષેત્રફળ : ૦-૮૬-૦૧ ચો.મી. જેનો ટી.પી. નં. ૨૭, ફાયનલ પ્લોટ નં. ૧૪૪ પૈકી વણ વહેંચાયેલ હિસ્સાની કુલ ક્ષે. ૪૩૦૦ ચો.મી. પૈકી અડધા હિસ્સાની ક્ષે. ૨૧૫૦ ચો.મી. જમીન જેની અરજદાર તરફથી આવેલ અરજી નં. ૭/૧૨, ૮-અ, રજીસ્ટર્ડ મિલકત વિનિમય લેખ, ઇન્ડેક્ષ ની નકલ તથા સોગંધનામાં આધારે નોંધ કરી. જે અંગેની નોંધ ગામ ના નમુના નં. ૬ ના હકક પત્રક માં એન્ટ્રી નં. ૧૨૦૬૧ તા. ૦૯/૦૫/૨૦૧૬ ના રોજથી થયેલ છે. જે નોંધ તા. ૩૦/૦૬/૨૦૧૬ ના રોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીન ને રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં તબદીલ કરવા માટે રમેશભાઇ પરભુભાઇ વિગેરેએ એ મહેબાન કલેકટરશ્રી, સુરતનાને અરજી કરતા, તે અરજીના અનુસંધાનમાં મહે. કલેકટરશ્રી સુરતનાએ તેમના હુકમ નંબર : એ/બખપ/એસ.આર.નં ૫૩૨/૧૬/ડિ ણ૪ : ૩૦૧૮૮/વશી.૧૨૩૩૯ થી ૧૨૩૫૩, તારીખ : ૦૨/૧૨/૨૦૧૬ થી સદરહુ જમીનને બીનખેતીની પરવાનગી આપવામાં આવેલ છે જે અંગેની ગામના નમુમા નં.૬ (હકકપત્રક) માં નોંધ નં. ૧૨૨૦૮ તા. ૧૬/૧૨/૨૦૧૬ ના રોજથી

ગામ :- કોસાડ **બ્લોક નં** :- ૧૨૯
ટી.પી. :- ૨૭ **એફ.પી.** :- ૧૪૬
નામ :- સ્કાય ડેવલોપર્સ
ફ્લેટ નં. :-
બિલ્ડઅપ એરીયા :-

પાડવામાં આવેલ છે. જે નોંધ તા. ૨૮/૦૨/૨૦૧૭ ના રોજ પ્રમાણિત થયેલ છે. ત્યારથી અમો બીજા પક્ષના સદરહુ જમીન મિલકતના માલિક, મુખત્યાર અને કબજેદાર થયેલા અને ચાલી આવેલા.

સદર જમીનમાં સુરત મહાનગરપાલીકાના હુકમ નં. ઈઝેડ/ ટી.ડી.ઓ/નં. ...., તા. ૦૩/૦૬/૨૦૧૦ ના રોજ સદર જમીનમાં બાંધકામ કરવા વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે.

ત્યારબાદ શ્રી ....મે.સ્કાય ડેવલોપર્સ ભાગીદારી વતી તેનાં ભાગીદારો(૧) શ્રી જયંતિભાઇ મુળજીભાઇ ત્રાડા (૨) શ્રી મુકેશકુમાર બાબુલાલ ચોવટીયા (૩) શ્રી કાનજીભાઇ રાઘવભાઇ ભાલાળા (૪) શ્રી રમેશભાઇ નાનુભાઇ શિંગાળા એ ખરીદ કરેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મેં સબ-રજીસ્ટ્રાર સાહેબ(કતારગામ)ની કચેરીમાં અનુક્રમ નં. ૧૪૦૫૬ થી

તા. ૨૭/૦૬/૨૦૧૭ નાં રોજ ... નં ની બુકમાં નોંધાયેલો છે. જે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ માં નોંધ નં. ...... તા. ../../૨૦.. નાં રોજ નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદર મીલકતના માલીકો મે. ઓમ સ્કાય ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢીના ભાગીદાર (૧) શ્રી જયંતિભાઇ મુળજીભાઇ ત્રાડા (૨) શ્રી મુકેશકુમાર બાબુલાલ ચોવટીયા (૩) શ્રી કાનજીભાઇ રાઘવભાઇ ભાલાળા (૪) શ્રી રમેશભાઇ નાનુભાઇ શિંગાળા દ્વારા અનુક્રમ નં. ... ના પાવરદાર તરીકે નિમવામાં આવેલ. જે અંગેનો પાવર મે. સુરતના સબ રજીસ્ટ્રાર સાહેબ(કતારગામ)ની કચેરીમાં તા. ../../૨૦.. ના રોજ સીરીયલ નં. ../૨૦.. થી નોંધાયેલ છે. સદર પાવર ફકત મતુમાં સહી કરવા માટે આપવામાં આવેલ છે.

આમ, ત્યારથી સદર મીલકતના હમો માલીક અને કબજેદાર થયેલ જે માલીકીનાં અધિકારથી સદર મીલકત આજરોજ આ લેખીત વેચાણ દસ્તાવેજથી તમો પ્રથમપક્ષનાને વેચાણથી આપીએ છીએ.

એ રીતે મજકુર મીલકતના અમો સંયુકત માલીક કબજેદાર ભોગવટેદાર છીએ. અને મીલકત હાલ અમારા સંયુકત કબજા ભોગવટા માલીકી હક્કની આવેલી છે. અને તેની કોઈપણ જાતની કાયદેસરની વ્યવસ્થા કરવાનો અમોને સંપુર્ણ હક્ક છે. અને અમારા એ હક્કની રૂએ અમોએ ઉપરોકત વિગતની મીકલતમાં સુરત મહાનગર પાલીકા તરફથી મંજુર થયેલ પ્લાન તેમજ સ્પેસીફીકેશન મુજબના જુદા જુદા બીલ્ડીગોમા ફ્લેટોનું આયોજન મુજબ

ગામ :- કોસાડ **બ્લોક નં** :- ૧૨૯
ટી.પી. :- ૨૭ **એફ.પી.** :- ૧૪૬
નામ :- સ્કાય ડેવલોપર્સ
ફલેટ નં. :-
બિલ્ડઅપ એરીયા :-

બાંધકામ કરેલ છે. અને સદરહુ મિલકતને **"સ્કાય વોક"** નામ આપવામાં આવેલ છે. ઉપરોકત વિગતે **"સ્કાય વોક"** માં બાંધવામાં આવેલ બીલ્ડીગો પૈકી **...** બિલ્ડીગના **...** માળ પર આવેલ ફલેટો પૈકી **ફલેટ નં. ...** વાળી મિલકત તથા તેને લાગતા વળગતા અંદર તથા બહારના તમામ હક્કો સહિત આજરોજ તમો પ્રથમ પક્ષનાને સદર વેચાણ દસ્તાવેજથી વેચાણથી આપવામાં આવેલ છે.

આમ, આ મીલકત અમો વેચાણ આપનારની સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની, બીનજોખમી કોઇ પણ માણસ, શ્રોફ, પેઢી, વ્યકિત, સોસાયટી, સરકાર, બેંક પંચાયત વગેરેના હક્ક-હીસ્સા, દરદાવા, લાગભાગ કબજા ભોગવટા, કબજા હક્ક, ઇઝમેન્ટ હક્ક, હીત, તરતકરાર, બોજો, લીયન ચાર્જ વિગેરે વગરની આવેલી છે. જે તમોને કુલ **રૂપિયા ..../- અંકે રૂપિયા** .... પુરાની બજાર કિંમત નક્કી કરી રજી. વેચાણ દસ્તાવેજથી તમોને વેચાણ આપીએ છીએ સદર વેચાણ અવેજની રકમ તમો પ્રથમપક્ષના તરફથી હમો બીજાપક્ષનાને નીચે મુજબ ચુકતે મળી ગયેલ છે.

-:: પરીશિષ્ટ::-

અ.નં.	બેંકનું નામ	ચેક /ડી.ડી. નં.	તારીખ	રકમ (રૂા.)
૧.	રોકડા	-	../../૨૦..	......./-
૨.	.... બેંક	....	../../૨૦..	.........../-
			કુલ રૂપિયા	............./-

સદર મીલકત સ્થળ ઉપર જઇ, હદ નીશાન-બતાવી, તમારા પ્રત્યક્ષ કબજા ભોગવટામાં સુપરત કરી દીધેલ છે. જે તમોએ જોઇ તપાસી ખાત્રી કરી સંભાળી લીધેલ છે. હવે પછી સદર મીલકત બાબતે કે સદર મીલકતનાં કોઇ ભાગ કે બાંધકામ કે અન્ય કોઇ પણ પ્રકારની તર-તકરાર કરવાની નથી હવે પછી સદર મીલકત બાબતે સારસંભાળ, કે કોઇ નીભાવ કે રીનોવેશન અંગેનો ખર્ચ આવે તો તે તમો પ્રથમપક્ષનાંએ ભોગવવાનો રહેશે.

સદરહુ વેચાણ આપેલી મિલકતનાં આ લેખથી તમો એકલા સ્વતંત્ર માલીક થયા હોવાથી હવેથી સદરહુ મિલકત બીજા કોઇને વેચો, ગીરો, બક્ષિસ આપો તેમાં જાતે વસો-

વસાવો અગર મિલકત માલીક તરીકે તમારુ દિલ ચાહે તે મુજબની વ્યવસ્થા કરો-કરાવો તેમા હમારી કે હમો તરફથી કોઇની કોઇપણ પ્રકારની દલીલ કે તકરાર ચાલે નહી. છતા કરવામાં આવે તો તે તમામ આ વેચાણ દસ્તાવેજ થી રદ થાય સહી.

તમો પહેલા પક્ષના મજકુર ઈમારતને લગતા સપોર્ટ, પાયાના બાંધકામ તેમજ આર.સી.સી. બાંધકામ તથા ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ રાસુકા વપરાશનું પાર્કીગ, રાસુકા સહીયારા પેસેજ, દાદર, અગાસી અને અન્ય રાસુકી સુવિધાઓ વપરાશનાં હક્કો સાથે આ દસ્તાવેજથી સહીયારા માલિક થયા છો અને એપાર્ટમેન્ટમાં આવેલ રાસુકી સુવિધાઓની જાળવણી, વીજળી ખર્ચ યા અન્ય ખર્ચાઓ તમો પહેલા પક્ષનાઓએ અન્ય સહમાલિક જોડે જે મુજબ નક્કી થાય તે મુજબ ભોગવવાના રહેશે. તેમજ જો ભવિષ્યમાં મિલકતનાં સહમાલિકો જો કોઈ સોસાયટી, સંઘ કે એસોસીએશન બનાવે તેમા તમોએ ફરજીયાત સભ્ય થવાનું રહેશે. તેઓ જે નિયમો બનાવે તે નિયમો અને ગુજરાત ટાઉનશીપ ઓફ ફ્લેટના કાયદાના નિયમો બંધનકર્તા રહેશે.

તમોને નીચે જણાવેલી વિગતો નો ફ્લેટ માલિકી હક્કે વેચાણ કરેલો હોવાથી આ દસ્તાવેજમાં સ્પષ્ટપણે જણાવેલ નહી એવા ભવિષ્યના મુદ્દા ઉપસ્થિત થાય તો ગુજરાત ટાઉનશીપ ઓનરશીપ ફ્લેટસ એકટ અગર પ્રવર્તમાન કાયદાની જોગવાઇઓ મુજબ નિકાલ કરવાનો રહેશે. તમો પહેલા પક્ષનાને માલિકી ધોરણે ધારણકર્તા ઈસમ તરીકેના માલિકીના હક્કો આ દસ્તાવેજથી નીચે જણાવેલી વિગતના ફ્લેટ સાથે હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ છે. હમો બીજા પક્ષનાએ મંજુર થયેલ પ્લાન મુજબ બાંધેલ મિલકતના વર્કીગ ડ્રોઈગ મુજબ દસ્તાવેજમાં વેચાણ આપેલ મિલકતના વર્ણન અને વિગત સહિતનો તમો પહેલા પક્ષનાને આથી વેચાણ આપેલ છે.

મજકુર સ્કાય વોક ના તમોને વેચાણ આપેલ ફ્લેટવાળા બિલ્ડીગનાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ પાર્કીગનો તેમજ દાદર, પેસેજ અને લીફ્ટ્નો તેમજ અગાશીના તમોને અન્ય ફ્લેટના માલિકો સાથે રાસુકા વપરાશ કરવાનો હક્ક આપવામાં આવે છે. મજકુર દાદર, પેસેજ કે લીફ્ટ્નો તમોએ કે તમો થકી કોઇએ પણ કાયમી હક્ક કરવાના નથી કે અન્ય ફ્લેટ ધારણકર્તાઓને અંતરાય કે અડચણરૂપ થાય તે રીતે દાદર, પેસેજમાં માલ-સામાન

મુકવાનો નથી કે વધારાનું કોઈ બાંધકામ કરીને રોકાણ કરવાનું નથી.

મજકુર તમોને વેચાણ આપેલ ફ્લેટના બાંધકામ તમો પહેલા પક્ષવાળાએ સમગ્ર એપાર્ટમેન્ટમાં આવેલ આર.સી.સી., બીમ, કોલમ કે તેને લગતા બાંધકામમાં કોઇપણ પ્રકારનો સુધારો-વધારો કે તોડફોડ કરવાની નથી તથા ઈમારતમાં આવેલ કોમન દાદર કે પેસેજમાંથી કોઈપણ પ્રકારનું વધારાનું બાંધકામ કે પ્રોજેકશન કરવાનું નથી અને તેમ જો પહેલા પક્ષના કરે અને તેને કારણે એપાર્ટમેન્ટને કોઇપણ પ્રકારનું નુકશાન થાય તો તે નુકશાન ભરપાઈ કરવાની જવાબદારી તમો પહેલા પક્ષવાળા શીરે રહેશે સહી.

સદરહુ મિલકતના હવેથી તમો પહેલા પક્ષના માલીક થયા હોવાથી સદરહુ મિલકત સરકારી, અર્ધ-સરકારી દફતરે, લાગુ સોસાયટી કે કોમ્પલેક્ષ દફતરે તથા ગુજરાત ઇલેકટ્રીસીટી દફતરે તથા ગામ દફતરે, સીટી સર્વે દફ્ત્રે યાને રેકર્ડ ઓફ રાઇટ્સમાં યા રેવન્યુ રેકર્ડમા પહેલા પક્ષનાનું નામ દાખલ કરવાનું છે. અને તે માટે બીજા પક્ષનાએ તમામ જરૂરી સહી, સંમતી, કબુલાત વિગેરે આપવાના છે. જો બીજા પક્ષના તેમા કસુર કરે તો પહેલા પક્ષના આ વેચાણ દસ્તાવેજને આધારે પોતાનું નામ દાખલ કરાવી શકે સહી અને પહેલા પક્ષના તે રીતે નામ ફેર કરાવે યા પોતાનું નામ દાખલ કરાવે તેમાં બીજા પક્ષનાએ કે અન્ય કોઇએ કોઇપણ જાતનાં વાંધા વિરોધ અવરોધ કે અટકાયત કરવા કરાવવાના નથી. તેમ છતા જો બીજા પક્ષનાએ કે અન્ય કોઇપણ તેવા વાંધા વિરોધ અવરોધ કે અટકાયત કરે યા કરાવે તો તે આ વેચાણ દસ્તાવેજથી રદબાતલ થાય સહી.

સદરહુ મિલકતના આજદિન સુધીનાં તમામ કરવેરા બીજા પક્ષનાએ ભરી દીધા છે અને હવેથી સદરહુ ફ્લેટ મિલકતનાં તમામ કરવેરા પહેલા પક્ષનાએ માલીક તરીકે ભરવાના છે સહી. તેમ છતા હવે પછી જો આજ પહેલાના કોઇ વેરા બાકી નીકળે અને તે પહેલા પક્ષનાએ ભરવા પડે તો પહેલા પક્ષનાએ તેવી ચુકવેલી વેરાની રકમ બીજા પક્ષના પાસેથી વસુલ લઇ શકે સહી. તે જ પ્રમાણે સદરહુ ફ્લેટ મિલકતના હવે પછીના તમામ કરવેરા પહેલા પક્ષનાએ ભરવાના છે. તેમ છતા જો કોઇ સંજોગોમાં આજ પછીનાં કોઇપણ વેરા બીજા પક્ષનાએ ચુકવવા પડે તો બીજા પક્ષના તેવી ચુકવેલી રકમ પહેલા પક્ષના પાસેથી વસુલ લઇ શકે સહી. જયાં સુધી મજકુર "**સ્કાય વોક**" નો વહીવટ કરવા માટે કોઇ

ગામ :- કોસાડ **બ્લોક નં** :- ૧૨૯
ટી.પી. :- ૨૭ **એફ.પી.** :- ૧૪૬
નામ :- સ્કાય ડેવલોપર્સ
ફ્લેટ નં. :-
બિલ્ડઅપ એરીયા :-

સોસાયટીનું આયોજન ન થાય કે કોઇ એસોસીએશનની રચના ન થાય ત્યાં સુધી માસીક મેઇન્ટેનન્સ ચાર્જની સોસાયટી જે રકમ નક્કી કરીએ તે તમો પહેલા પક્ષનાએ આપવાની રહેશે.

સદરહું ફ્લેટનું બાંધકામ મંજુર થયેલ પ્લાન મુજબનું છે એટલે આ વેચાણ દસ્તાવેજ થયા બાદ પહેલા પક્ષવાળા ફ્લેટમાં કોઇ પણ પ્રકારના સ્થાયી સ્વરૂપના ફેરફાર કરાવે તેના કારણે મહાનગરપાલિકા તરફે કાર્યવાહી થાય તેની જવાબદારી તમો પહેલા પક્ષના ખરીદનારની રહેશે. પહેલા પક્ષવાળાએ સદરહું ફ્લેટમાં દર્શનના ભાગમાં યાને બિલ્ડીગના બાહ્ય એલીવેશનમાં કોઇપણ પ્રકારની ચીજવસ્તુઓ મુકવાની નથી કે ટાઉનશીપનું નામ "સ્કાય વોક" આપ્યુ છે તે નામમાં કોઇપણ જાતનો ફેરફાર કરવાનો નથી.

સદરહું "સ્કાય વોક" માં આવેલ તમામ બિલ્ડીગોની બહારની ચારે તરફની દીવાલો તમામ ફ્લેટ હોલ્ડરની સહીયારી સહમાલીકીની ગણાશે, તેના રંગરોગાન તથા જાળવણી અંગેના તમામ ખર્ચ ફ્લેટ હોલ્ડરોએ સરખે હિસ્સે ભોગવવાનો રહેશે.

સદરહું મિલકત અંગે તમો પહેલા પક્ષનાને ટાઇટલની ચકાસણી કરી લીધેલ છે અને જરૂરી કાગળો, દસ્તાવેજો વિગેરેની નકલ તમો ખરીદનારને આપેલ છે. તમોને વેચાણ આપેલ મિલકતનું ક્ષેત્રફળ સુપર બિલ્ટ-અપ મુજબ ગણવામાં આવેલું છે અને આ ક્ષેત્રફળની ચકાસણી પણ તમોએ કરી લીધેલ છે. સદરહુ બિલ્ડીગની જમીનના પ્રમાણમાં ભવિષ્યમાં કાયદાનુસાર વધુ એફ.એસ.આઇ. પ્રાપ્ત થઇ શકે તો વધુ એફ.એસ.આઇ. અનુસાર સદરહું બિલ્ડીગ ઉપર નવું બાંધકામ કરવાનો ઓર્ગેનાઇઝરનો હક્ક કાયમ રાખેલ છે અને તે વિરૂધ્ધ તમો પહેલા પક્ષનાની કે તમો પાસેથી ભવિષ્યમાં તબદીલીથી લેનારની કોઇ તકરાર કે વાંધા ચાલે નહી અને કરે તોતે આથી રદબાતલ થાય સહી તે સ્પષ્ટ શરતથી નીચે શીડયુલમાં જણાવેલી મિલકત તમોને વેચાણ આપેલી છે.

સદરહુ મિલકત બીજા પક્ષનાએ પહેલા પક્ષનાને નબોજી, નકરજી, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઇટલવાળી વેચાણ આપી છે. તેમ છતાં સદરહુ ફ્લેટ મિલકતની બીજા પક્ષનાની માલીકીના ટાઇટલમાં કોઇ ખામી નીકળી આવે તો તે બીજા પક્ષનાએ પોતાના ખર્ચે દુર કરાવી આપવાની છે. જો બીજા પક્ષનાં તેમ કરવામાં કસુર કરે અને સદરહુ ફ્લેટ મિલકતનાં ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ કરવા પહેલા પક્ષનાને કોઇ ખર્ચ કરવો પડે તો

ગામ :- કોસાડ **બ્લોક નં** :- ૧૨૯
ટી.પી. :- ૨૭ **એફ.પી.** :- ૧૪૬
નામ :- સ્કાય ડેવલોપર્સ
ફલેટ નં. :-
બિલ્ડઅપ એરીયા :-

પહેલા પક્ષના તેવી ચુકવેલી રકમ બીજા પક્ષના પાસેથી વસુલ મેળવી શકે સહી. સદરહુ ફલેટ મિલકતનો શાંત અને પ્રત્યક્ષ કબજો બીજા પક્ષનાએ આજરોજ પહેલા પક્ષનાને સુપ્રત કર્યો છે.

સદરહુ મિલકતની વેચાણ કિંમત કુલ **રૂપિયા ………………./- અંકે રૂપિયા ……………………..** પુરા નક્કી કરીએ છીએ, જે હાલની વ્યાજબી બજાર કિંમત પ્રમાણે છે. જે ઉપર કાયદેસરનો જરૂરી એવા ૪.૯૦ % લેખેનો જનરલ સ્ટામ્પ પેપર વાપરીને બનાવેલ છે. આ વેચાણ દસ્તાવેજ અંગેના સ્ટામ્પના નાણા તમો ખરીદનારે ખર્ચ્યા છે અને તે અંગેની તમામ જવાબદારી તમો ખરીદનારની છે અને રહેશે. તેમજ હવે પછી બોમ્બે એક્ટની કલમ ૩૨ (ક) મુજબ જો કોઇ વધારાની સ્ટેમ્પ ડયુટી ભરવાની થાય તો તેની જવાબદારી તમો ખરીદનાર યાને કે પ્રથમ પક્ષનાના શીરે રહેશે સહી.

પરિશિષ્ટ

-:: વેચાણ આપેલ મિલકતની વિગત

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તથા તાલુકો અડાજણ(સુરતસીટી) ના મોજે ગામ-કોસાડના, ખાતા નં. ૧૭૧૮, બ્લોક નં. ૧૨૯, સર્વે નં. ૮૬/૩+૪ થી નોંધાયેલી રહેણાંક ના હેતુ માટે બીનખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ ૭/૧૨, મુજબ હે. ૦-૯૩-૦૮ આરે.ચો.મી. જેનો આકાર રૂ. ૧૫૧૩.૦૦ પૈસા છે. જેનો ટી.પી. સ્કીમ નંબર ૨૭ (ઉત્રાણ-કોસાડ) ફાઇનલ પ્લોટ નં.૧૪૬, જેનું ફાઇનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૬૦૫૦ ચો.મી. વાળી બીનખેતીની જમીનમાં આયોજન કરવામાં આવેલ **"સ્કાય વોક"** ના … બિલ્ડીગના … માળ પર આવેલ ફલેટો પૈકી **ફલેટ નં. …** વાળી મિલકત કે જેનો સુપર બિલ્ડ અપ એરીયા …. **સ્કે. ફુટ યાને …….. ચો.મી.** તથા તેનો બિલ્ડ અપ એરીયા …… **સ્કે.ફુટ યાને …… ચો.મી.** થાય છે. સદર મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ રાસુકા વપરાશના હક્કો તેમજ તળની જમીનના વણવહેંચાયેલ હિસ્સા સહિતની મિલકત. જેની ચર્તુસીમા નીચે મુજબ છેઃ-

-:: ચર્તુદીશા ::-

પુર્વે :- પશ્ચિમે :-

ઉત્તરે :- દક્ષિણે :-

ગામ :- કોસાડ **બ્લોક નં :-** ૧૨૯
ટી.પી. :- ૨૭ **એફ.પી. :-** ૧૪૬
નામ :- સ્કાય ડેવલોપર્સ
ફ્લેટ નં. :-
બિલ્ડઅપ એરીયા :-

મિલકતની ઓળખ માટેનો ફોટોગ્રાફ :

મિલકતનું પોસ્ટલ સરનામું:- ફ્લેટ નં. બી-૧૦૨, સાંઇપુજા, કોસાડ, સુરત.

મિલકત રાખનારની સહી ....

મિલકત તબદીલ કરનારની સહી (૧)...................................

(૨)...................................

ગામ :- કોસાડ **બ્લોક નં** :- ૧૨૯
ટી.પી. :- ૨૭ **એફ.પી.** :- ૧૪૬
નામ :- સ્કાય ડેવલોપર્સ
ફલેટ નં. :-
બિલ્ડઅપ એરીયા :-

એણી વિગતોનો આ ફલેટ વાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ હમો બીજા પક્ષનાએ આજરોજ હમારી રાજી ખુશીથી સમજી, વિચારી, વાંચી, વંચાવી, સાંભળી, સમજી, તન-મનની સંપુર્ણ સાવધ અને સ્વસ્થ અવસ્થામાં ચિત અને તબીયત ઠેકાણે રાખી અક્કલ, હોશીયારીથી સમજી, વિચારી, કોઇના કોઇપણ જાતના દાબ દબાણ વીના લખી આપ્યો છે. જે હમોને તથા હમારા વંશવાલી, વારસો, સકસેસર, ટ્રાન્સફરી, એસાઇની, એડમીનીસ્ટ્રેટર, એકઝીકયુટર, ઇત્યાદી તમામને કબુલ મંજુર તેમજ બંધનકર્તા છે અને રહેશે. સહી.

અત્રે ------------------------------મતુ તત્રે ------------------------------શાખ.

---------------------------------- ----------------------------------

મે.સ્કાય ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢી વતી તેનાં ભાગીદારો

(૧) શ્રી જયંતિભાઇ મુળજીભાઇ ત્રાડા.

---------------------------------- **(સાક્ષી)**

(૨) શ્રી મુકેશકુમાર બાબુલાલ ચોવટીયા.

----

(૩) શ્રી કાનજીભાઇ રાઘવભાઇ ભાલાળા.

----

(૪) શ્રી રમેશભાઇ નાનુભાઇ શિંગાળા

ગામ :- કોસાડ **બ્લોક નં** :- ૧૨૯
ટી.પી. :- ૨૭ **એફ.પી.** :- ૧૪૬
નામ :- સ્કાય ડેવલોપર્સ
ફ્લેટ નં. :-
બિલ્ડઅપ એરીયા :-

(વેચાણ લેનાર)

(૧) શ્રી ....

×-------------------------------------

(વેચાણ આપનાર)

મે.સ્કાય ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢી વતી તેનાં ભાગીદારો

(૧) શ્રી જયંતિભાઇ મુળજીભાઇ ત્રાડા.

×-------------------------------------

ગામ :- કોસાડ **બ્લોક નં :-** ૧૨૯
ટી.પી. :- ૨૭ **એફ.પી. :-** ૧૪૬
નામ :- સ્કાય ડેવલોપર્સ
ફ્લેટ નં. :-
બિલ્ડઅપ એરીયા :-

(૨) શ્રી મુકેશકુમાર બાબુલાલ ચોવટીયા.

×---------------------------------------

(૩) શ્રી કાનજીભાઇ રાઘવભાઇ ભાલાળા.

×---------------------------------------

(૪) શ્રી રમેશભાઇ નાનુભાઇ શિંગાળા.

×---------------------------------------